# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. ધોરણ-12નું બોર્ડનું પરિણામ જાહેર- વિજ્ઞાન પ્રવાહમાં મોરબી અને સામાન્ય પ્રવાહમાં બનાસકાંઠા જિલ્લો અગ્રેસર
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, પ્રયાગરાજના મહાકુંભથી ભારતની એકતા અને સંસ્કૃતિની સમગ્ર વિશ્વને ઓળખ થઈ
3. મોટા ધોરી માર્ગ પર રસ્તાની આસપાસ જરૂરી સુવિધાઓ વિકસાવવા રાજ્યમાં 56 વેસાઇડ એમેનિટીઝને કેન્દ્ર સરકારની મંજૂરી
4. સુફી સમાજે વક્ફ સુધારા કાયદાને સમર્થન આપ્યું
5. રાજ્યના કચ્છ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, ભાવનગર સહિત અનેક જિલ્લામાં વરસાદ- હજુ પણ ચાર દિવસ માવઠાની આગાહી

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# 12TH BOARD RESULT-MAIN

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ-12 નું પરિણામ જાહેર થયું છે. વિજ્ઞાન પ્રવાહનું 83.51 ટકા જ્યારે સામાન્ય પ્રવાહનું 93.07 ટકા પરિણામ આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં 92.91 ટકા પરિણામ સાથે મોરબી જિલ્લો જ્યારે સામાન્ય પ્રવાહમાં 97.20 ટકા પરિણામ સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ રહ્યો છે. રાજકોટ જિલ્લાનું ગોંડલ વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ 96.60 ટકા પરિણામ ધરાવતું કેન્દ્ર બન્યું છે. જ્યારે સામાન્ય પ્રવાહ ધરાવતા કેન્દ્રો સપ્રેડા, વાંગધ્રા, ચંદ્રાલા, છાલા, લીમ્બોદ્રા, તેમજ મીઠાપુર કેન્દ્રનું 100 ટકા પરિણામ રહ્યું છે.

દરમિયાન, શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ પાસ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બેસ્ટ ઓફ ટુ પરીક્ષા અંતર્ગત ફરીથી પરીક્ષા આપી પોતાનું પરિણામ સુધારી શકશે તેમ જણાવ્યું હતું.

(બાઇટ: પ્રફુલ પાનશેરીયા, શિક્ષણ રાજ્યમંત્રી)

. . . . . . . . . . . .

# 12TH BOARD RESULT-DISTRICT

આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ 12 સામાન્ય અને વિજ્ઞાન તેમજ ગુજકેટનું પરિણામ જાહેર કરાયું છે.

દરમિયાન બોટાદ સામાન્ય પ્રવાહમાં સરેરાશ 97 પૂર્ણાંક 05 ટકા પરિણામ સાથે સમગ્ર જિલ્લામાં બીજા ક્રમે રહ્યું છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં કુલ સરેરાશ પરિણામ 92 પૂર્ણાંક 01 ટકા સાથે જિલ્લો રાજ્યમાં ત્રીજા ક્રમાંકે રહ્યો છે. સામાન્ય પ્રવાહમાં ડાંગ જિલ્લો 96.01 ટકા પરિણામ સાથે રાજ્યમાં ત્રીજા ક્રમે, જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં 84.78 ટકા પરિણામ સાથે 16મા ક્રમે રહ્યો છે. સામાન્ય પ્રવાહમાં દમણ દીવ અને દાદરા નગર હવેલીનું 95.57 ટકા પરિણામ આવ્યું છે. જ્યારે વલસાડ જિલ્લાનું પરિણામ 89.52 ટકા વિજ્ઞાન પ્રવાહનું 73.47 ટકા પરિણામ આવ્યું છે. પંચમહાલ જિલ્લાનું સામાન્ય પ્રવાહનું 89.73 ટકા, નવસારી જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું 95.61 ટકા અને સામાન્ય પ્રવાહનું 84.98 ટકા, તાપી જિલ્લામાં સામાન્ય પ્રવાહ નું પરિણામ 95.08% તો વિજ્ઞાન પ્રવાહ નું 71.17% આવ્યું છે. છોટાઉદેપુર જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું 62.11 ટકા પરિણામ આવ્યું છે. જેમાં છોટાઉદેપુર કેન્દ્રનું 54.94% અને બોડેલીનું સૌથી વધુ 79.47% ટકા પરિણામ આવ્યું છે.

. . . . . . . . . . . .

# CM THALTEJ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભથી ભારતની એકતા અને સંસ્કૃતિની સમગ્ર વિશ્વને ઓળખ થઈ. અમદાવાદના થલતેજ ખાતે કૈવલ જ્ઞાન પિઠાધીશ્વર જગતગુરુ શ્રી અવિચલદેવાચાર્યજી મહારાજના સન્માન સમારોહમાં શ્રી પટેલે આ મુજબ

જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષોથી લોકોને ધર્મ, કરૂણા, અને શાંતિના માર્ગે દોરી રહી છે.

**(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

રામમંદિર નિર્માણમાં જનચેતનાને જાગૃત કરવામાં પણ અવિચલદેવાચાર્યજી મહારાજની મહત્વની ભૂમિકા રહી હોવાનું પણ શ્રી પટેલે જણાવ્યું હતું.

. . . . . . . . . . . .

# CM-CET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ધોરણ પાંચના વિદ્યાર્થીઓ માટેની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ CETમાં સફળતા મેળવેલા 20 હજારથી વધુ બાળકોની 115 નિવાસી શાળામાં ઓનલાઈન પ્રવેશ ફાળવણી સંપન્ન કરી છે. જે અંતર્ગત 42 જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં 12 હજાર 450, 13 સ્વામી વિવેકાનંદ ટ્રાયબલ જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં 3 હજાર 900, 10 રક્ષાશક્તિ સ્કૂલમાં 700 અને 2 સૈનિક સ્કુલ સહિત 50 એકલવ્ય આદર્શ નિવાસી શાળા-EMRSમાં 3 હજાર 20 વિદ્યાર્થીઓની પ્રવેશ માટે ફાળવણી કરવામાં આવી હતી.

આ સાથે 14 હજાર 595 કુમાર અને 15 હજાર 405 કન્યાઓ મળીને કુલ 30 હજાર વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપ યોજના અન્વયે 16 કરોડ રૂપિયાથી વધુની રકમ DBTના માધ્યમથી ચૂકવવાની પ્રક્રિયા પણ કરવામાં હતી.

. . . . . . . . . . . .

# WAYSIDE AMENITY

મોટા ધોરી માર્ગ પર રસ્તાની આસપાસ જરૂરી સુવિધાઓ વિકસાવવા રાજ્યમાં 56 વેસાઇડ એમેનિટીઝને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર મોટા ધોરીમાર્ગ પર દર 40-60 કિલોમીટરના અંતરે એમેનિટીઝ બનશે, જેમાં રેસ્ટ રૂમ, ચાર્જિંગ સ્ટેશન, પાર્કિંગ અને ખાણીપીણીની સુવિધા રહેશે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે દેશના અલગ અલગ રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને એક્સપ્રેસ વે પર 501 વેસાઇડ એમેનિટીઝ બનાવવાની મંજૂરી આપી છે. આ મંજૂરી મળવાથી રાજ્યનું ધોરી માર્ગ માળખું વધુ મજબૂત બનશે અને નાગરિકોને વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે.

. . . . . . . . . . . .

# HARSH SANGHVI EMAIL

છેલ્લા એક વર્ષમાં સામાન્ય નાગરિકો તરફથી ઈમેઈલ દ્વારા ગૃહ, વાહન-વ્યવહાર, રમત-ગમત વિભાગના 2 હજાર 533 પ્રશ્નો અને રજૂઆતો મંત્રી હર્ષ સંઘવીને મળી છે, જેમાં મોટાભાગની રજૂઆતોનો સુખદ નિકાલ આવ્યો છે.

ડિજીટલ યુગમાં રાજ્યના સામાન્ય નાગરિકો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ગાંધીનગર સુધી ધક્કો ન ખાવો પડે તેની ચિંતા કરીને સમસ્યાના સમાધાન માટે તાત્કાલિક અને પારદર્શક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માટે રાજ્યના ગૃહ, વાહન-વ્યવહાર અને રમત-ગમત વિભાગના રાજ્ય મંત્રી હર્ષ સંઘવી ડિજીટલ માધ્યમથી પ્રશ્નોના નિરાકરણ લાવી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SUFI SAMAJ WAQF

સુફી સમાજ દ્વારા વક્ફ સુધારા કાયદાને સમર્થન આપવામાં આવ્યું છે. અમદાવાદમાં સુફી ઇસ્લામિક બોર્ડના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભારતીય

સુફી સંત સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ સુફી સંત ખાલિદ હુસૈન નકવીએ પત્રકાર પરિષદ ને સંબોધી આ કાયદાને ટેકો આપ્યો હતો.

(બાઈટઃ સુફી સંત ખાલિદ હુસૈન નકવી, રાષ્ટ્રીય અધ્યક્ષ, ભારતીય સુફી સંત સંગઠન)

. . . . . . . . . . . .

# CHHOTA UDEPUR FIRE NOTICE

છોટાઉદેપુર જિલ્લામાં 18 જેટલી ખાનગી શાળાઓને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ નોટિસ ફટકારી છે.

અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે આ ખાનગી શાળાઓને ફાયર સેફટીમાં બેદરકારી રાખવા બદલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા 10 હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જો આ આદેશની તાત્કાલિક અમલવારી ન થવાના કિસ્સામાં શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

. . . . . . . . . . . .

# WEATHER

રાજ્યના અનેક જિલ્લામાં આજે કમોસમી વરસાદ પડ્યો હતો.  કચ્છ અને ભાવનગરમાં કરા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. સુરેન્દ્રનગરના ચોટીલા પંથકમાં અને બનાસકાંઠા જિલ્લાના દિયોદર,ભાભર તેમજ થરાદ

તાલુકાના કેટલાક વિસ્તારમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. બોટાદ જિલ્લામાં વરસાદી માહોલ રહ્યો હતો. આ સાથે રાજ્યમાં હજુ પણ ચાર દિવસ માવઠાની આગાહી છે. હવામાન વિભાગના નિયામક એ.કે. દાસે જણાવ્યું, આગામી પાંચ દિવસ રાજ્યના મહતમ તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો ઘટાડો થશે.

(બાઇટ: એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

છેલ્લા 24 કલાક દરમિયાન રાજકોટમાં મહતમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું હતું. સુરેન્દ્રનગર ખાતે 40 ડિગ્રી સેલ્સિયસ અને અમદાવાદ તેમજ ગાંધીનગર ખાતે મહતમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું હતું.

. . . . . . . . . . . .

# Bhavnagar Chitrakala

ભાવનગરના બે મહિલા ચિત્રકારો ગ્વાલિયર ખાતે ચિત્રકલામાં સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરાયાં છે.

મધ્યપ્રદેશના ગ્વાલિયર ખાતે રાજા માનસિંહ તોમર સંગીત અને કલા વિશ્વવિદ્યાલય ખાતે દીક્ષાંત સમારોહમાં ચિત્રકલા વિષયમાં ભાવનગરના યુવા ચિત્રકાર શ્રુતિ પરમારને પ્રખ્યાત ચિત્રકાર સ્મૃતિ એવોર્ડ સાથે સુવર્ણ ચંદ્રકથી અને લલિતકલા વિભાગમાં નિરૂપમા ટાંકને સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

. . . . . . . . . . . .